# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1) અમદાવાદથી લંડન જતું એર ઇન્ડિયાનું વિમાન ઉડ્ડયનની થોડી જ ક્ષણોમાં દુર્ઘટનાગ્રસ્ત બનતાં 100થી વધુ મુસાફરોના મોતની શક્યતા
2) વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું અવસાન
3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દુર્ઘટના સ્થળ પર પહોંચ્યા. - બચાવ કામગીરી પૂરજોશમાં
4) રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી સહિત વિદેશના નેતાઓએ પણ વિમાન દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું
5) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોં સાથે મુલાકાત કરી

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PLANE CRESH

અમદાવાદમાં વિમાન દુર્ઘટનાગ્રસ્ત બનતાં 100 થી વધુ લોકોના મોતની આશંકા છે.. આ દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ અવસાન થયું છે. ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે તેમને શ્રદ્ધાંજલી અર્પણ કરી..

(બાઇટ- સી.આર.પાટીલ)

અમદાવાદથી લંડન જતું એર ઇન્ડિયાનું પેસેન્જર વિમાન આજે ગુજરાતના અમદાવાદ એરપોર્ટ નજીક મેઘાણી નગર વિસ્તારમાં સિવિલ સ્થિત તબીબોની હોસ્ટેલ ઉપર  દુર્ઘટનાગ્રસ્ત થયું. ઘટના સ્થળે બચાવ અભિયાન પૂરજોશમાં ચાલુ છે, મૃતદેહને બહાર કાઢવામાં આવી રહ્યા છે. ભારતીય સેનાનાં ત્રણેય દળો આમાં જોડાયેલા છે. એનડીઆરએફની 6 ટીમો આ કામમાં તૈનાત કરવામાં આવી છે. આ અંગે વધુ માહિતી આપી રહ્યાં છે આકાશવાણીના પ્રતિનિધિ કરણ પરમાર

( વોઇસકાસ્ટ- કરન પરમાર)

. . . . . . . . . . .

# RESCUE

બીજીતરફ સરદાર વલ્લભભાઇ પટેલ હવાઇમથક પર ફ્લાઇટના તમામ ઉડ્ડયનો તત્કાળ સ્થગિત કરવાનો આદેશ આપ્યો હતો..જોકે સાંજે

પાંચ વાગ્યા બાદ સિમિત ઉડ્ડયન શરૂ કરાયું હતું..પ્રસ્તુત છે એક અહેવાલ...

(વોઇસ કાસ્ટ- પ્રવેશ અડિએચા)

*(આ વિમાની દુર્ઘટના અઁગે નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ કહ્યું કે મંત્રાલય પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. તેમણે તમામ ઉડ્ડયન અને કટોકટી પ્રતિભાવ એજન્સીઓને ઝડપી અને સંકલિત કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો છે. તેમણે માહિતી આપી હતી કે બચાવ ટીમો કાર્યરત કરવામાં આવી છે, અને તબીબી સહાય અને રાહત સહાય સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.*

*મુસાફરોની તેમના પરિજનોને વિગતો મળી રહે તે માટે રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારે તાત્કાલિક કંટ્રોલ રૂમ શરૂ કરી દીધો છે.  રાજ્ય સરકારે અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનાના સંદર્ભમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં કંટ્રોલ રૂમ કાર્યરત કર્યો છે. આ કંટ્રોલ રૂમના ફોન નં. 079-232-51900 અને મોબાઈલ નં. 9978405304 ઉપર સંબંધિતો સંપર્ક કરવા અપીલ કરી હતી જ્યારે ઈમરજન્સી માટે ફોન નં. 079-35082111 જાહેર કર્યો હતો..જ્યારે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે પણ કંટ્રોલ રૂમ શરૂ કરી દીધો છે જેમાં દિલ્હી ખાતે **011-24610843** અને **9650391859** અમદાવાદ ખાતે **9974111327** માટેનો નંબર જાહેર કર્યો હતો. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પણ જાણકારી માટે 6357373831,6357373841 એમ બે નંબર જાહેર કર્યા છે.. )*

. . . . . . . . . . .

# CIVIL AVIATION MINISTER

નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુ અમદાવાદમાં એર ઇન્ડિયાના વિમાન દુર્ઘટના સ્થળ પર પહોંચ્યા. તેઓ હાલમાં જમીન પર પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છે અને ચાલી રહેલા બચાવ અને રાહત

કાર્યોની સમીક્ષા કરી રહ્યા છે. તેઓ DGCA, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા, એર ઇન્ડિયા, NDRF અને સ્થાનિક વહીવટીતંત્રના અધિકારીઓ સાથે સંકલન કરી રહ્યા છે જેથી ખાતરી કરી શકાય કે તમામ જરૂરી સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

. . . . . . . . . . .

# ARMY-PLANE CRASH

હાલમાં મળતા અહેવાલ મુજબ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહ ઘટનાસ્થળે પહોંચ્યા છે.

અમદાવાદમાં એર ઇન્ડિયા ફ્લાઇટ દુર્ઘટના બાદ ચાલી રહેલા માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત (HADR) પ્રયાસોમાં નાગરિક વહીવટને મદદ કરવા ભારતીય સેનાએ આશરે 130 કર્મચારીઓની ટીમો તૈનાત કરી છે. ભારતીય સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેના પ્રતિભાવમાં કાટમાળને હટાવવા JCB સાથે એન્જિનિયરિંગ ટીમો, તબીબો અને પેરામેડિક્સ સહિતની તબીબી ટીમો, ક્વિક એક્શન ટીમો, અગ્નિશામક અને પાણીના ટેન્કર સાથે અગ્નિશામક સંપત્તિઓ અને સ્થળ વ્યવસ્થાપન માટેના સ્ટાફનો સમાવેશ થાય છે. લશ્કરી હોસ્પિટલને પણ તૈયાર રાખવામાં આવી છે.

. . . . . . . . . . .

# LEADER REACTION

વિમાનની દુર્ઘટના અંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય જળશક્તિમંત્રી સી આર. પાટીલ સહિતના મહાનુભાવોએ દુઃખ વ્યક્ત કર્યું. ભાજપના તમામ કાર્યકરોને રાહત અને બચાવ કામગીરીમાં લાગી જવા અપીલ કરવામાં આવી છે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ  અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ પણ દુખ વ્યક્ત કર્યું છે..

. . . . . . . . . . .

# PM AIR CRASH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિમાન દુર્ઘટનાને હૃદયદ્રાવક ગણાવી. તેમણે કહ્યું કે આ દુઃખદ ઘડીમાં તેમની સંવેદનાઓ આ દુર્ઘટનાથી અસરગ્રસ્ત દરેક વ્યક્તિ સાથે છે. તેમણે કહ્યું કે તેઓ અસરગ્રસ્તોને મદદ કરી રહેલા મંત્રીઓ અને અધિકારીઓ સાથે સંપર્કમાં છે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે અમદાવાદમાં બનેલી દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે આ દુઃખની ઘડીમાં, રાષ્ટ્ર અસરગ્રસ્ત લોકો સાથે એકતામાં ઉભું છે.

. . . . . . . . . . .

**MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

------------------------------------

# AMIT SHAH - PLANE CRASH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું. શ્રી શાહે સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે આપત્તિ પ્રતિભાવ દળોને તાત્કાલિક દુર્ઘટના સ્થળે મોકલી દેવામાં આવ્યા છે. ગૃહમંત્રી એ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને અમદાવાદના પોલીસ કમિશનર સાથે વાત કરી હતી. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી  જેપી નડ્ડાએ અમદાવાદમાં વિમાન દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે ગુજરાતના આરોગ્ય મંત્રી  ઋષિકેશ પટેલ સાથે વાત કરી અને આરોગ્ય સુવિધાઓ અને રાહત કાર્ય વિશે પૂછપરછ કરી. કોંગ્રસ નેતા રાહુલ ગાંધીએ આ ઘટનાને હૃદયદ્રાવક ગણાવતા સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે મુસાફરો અને ક્રૂના પરિવારો જે પીડા અને ચિંતા અનુભવી રહ્યા હશે તે અકલ્પનીય છે, અને આ અતિ મુશ્કેલ સમયમાં તેમના વિચારો દરેક સાથે છે.

. . . . . . . . . . .

## UK PM - PLANE CRASH

યુકેના પ્રધાનમંત્રી  કીર સ્ટાર્મરે અમદાવાદમાં એર ઇન્ડિયાના વિમાન દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો. તેમણે સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું આ દુઃખની ઘડીમાં તેમની સંવેદના મુસાફરો અને તેમના પરિવારો સાથે છે.

. . . . . . . . . . .

## MEA-PLANE CRASH

અમદાવાદમાં એર ઇન્ડિયાના વિમાન દુર્ઘટનામાં પોતાના પ્રિયજનો ગુમાવનારા તમામ લોકો પ્રત્યે વિદેશ મંત્રાલયે ઊંડા શોક વ્યક્ત કર્યો છે.

નવી દિલ્હીમાં આજે મીડિયાને માહિતી આપતાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ અકસ્માતને દુ:ખદ ગણાવ્યો અને કહ્યું કે બચાવ કામગીરી ચાલુ છે.

. . . . . . . . . . .

## JAISHANKAR MACRON

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોંને મળ્યા હતા. આતંકવાદ સામેની લડાઈમાં ફ્રાન્સના મજબૂત સમર્થન સંદેશ બદલ ડૉ. જયશંકરે તેમનો આભાર માન્યો. વિદેશ મંત્રીએ સોશિયલ મીડિયા સંદેશમાં, જણાવ્યું હતું કે તેમની ચર્ચાઓ ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીના વિશ્વાસ, આરામ અને મહત્વાકાંક્ષાને પ્રતિબિંબિત કરે છે.

. . . . . . . . . . .

## HEALTH ACS

રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીએ જણાવ્યુ હતું કે  અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ માટે તેમના સગાઓના D.N.A. સેમ્પલ લેવા અમદાવાદ સિવિલ હોસ્પિટલ

દ્વારા વ્યવસ્થા કરાઈ છે. 50 ઇજાગ્રસ્તોની સારવાર સિવિલ હોસ્પિટલ ખાતે ચાલી રહી છે. તમામ દર્દી સ્થિર છે.

(બાઇટ- ધનંજય દ્વિવેદી, અગ્ર સચિવ, આરોગ્ય વિભાગ)

. . . . . . . . . . .